**ઈન્સ્ટ્રકશનલ ફાર્મ,સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના આંબા ફાલના ઈજારાની સનેઃ ૨૦૨૧–૨૨ ના વર્ષની હરાજીથી વેચાણ અંગેની શરતો :–**

૧ ઈન્સ્ટ્રકશનલ ફાર્મ,સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ફાર્મ કમ્પાઉન્ડમાં આવેલ આંબા ઝાડ–૪૪ નો ઈજારો આપવાનો છે.

૨ ઉપરોકત શરત –૧ માં નિર્દેશ કરેલ વર્ષ ૨૦૨૧–૨૨ ની સાલમાં આંબાના ફાલની હરાજી તા.૨૯/૦૪/૨૦૨૧ના સવારે ૧૦ .૦૦ કલાકે રહેશે અને આંબાના ફાલની હરાજી ના ઈજારાની મુદત તા. ૧૫/૦૭/૨૦૨૧ સુધીની રહેશે. મુદત કોઈપણ સંજોગમાં વધારી શકાશે નહી.

૩ ઈજારાદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૪ ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

**અ** હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટે રૂા. ૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)અત્રેની કચેરીએ જમા કરાવવાનાં રહેશે અને તે જ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે અને જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજી ની રકમનાં ૧૦% નાણાં ડી.ડી./રોકડેથી તાત્કાલિક જમા કરવાનાં રહેશે. જે અનામત પેટે ગણવામાં આવશે. બાકીના ઈજારાદારોની અનામત તુર્તજ પરત કરવામા આવશે. અનામતની રકમ ઈજારો પુર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહીં થયા બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

**બ** ઈજારાની પુરેપુરી રકમ ઈજારો મંજુર થયેથી તા. ૧૪/૦૫/૨૦૨૧ સુધીમાં બપોરે ૧૨.૦૦ કલાક પહેલા ડીડીથી અથવા રોકડેથી અત્રેની કચેરી ખાતે જમા કરાવવાનો રહેશે. સંપુર્ણ રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમ છતાં ખાસ કેસ તરીકે ઉપરોકત મુદતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદત વધારી શકાશે અને વધારાના ૧૫ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ અત્રેની કચેરીમાં ભરવાની રહેશે. આમ રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૫ ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ અત્રેના કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે. ત્યારબાદ ઈજારાદાર કેરી ઉતારવાની શરૂઆત કરી શકશે.

૬ ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ ગણવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારાદારે ભરપાઈ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોકત અનામતની રકમમાંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવા હકદાર રહેશે અને તેમાં ઈજારાદારની કોઈ તકરાર ચાલશે નહિ.

૭ શરત નં. ૪–બ મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમય સર ભરવામાં નહી આવે તો ઈજારદારની અનામત જપ્ત કરવામાં આવશે અને ત્યારબાદ કમીટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૮ ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે. વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારાદારના શિરે રહેશે.

૯ ફળ ઉતારતા કોઈપણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે.ઝાડના લીલા કે સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈ હકક રહેશે નહી. નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઈપણ જાતનું નુકશાન કરશે, તો સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારાદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૧૦ સદરહુ ફાર્મમાં ઈજારાદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા ફોટા સહીત કેન્દ્ર સંચાલકશ્રીને લેખિતમાં રજુ કરવાનાં રહેશે. જે તે શખ્શનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાય તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દૂર કરવાના રહેશે અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. જેતે કેન્દ્રના વડાની સમંતિ મેળવ્યા સિવાય કોઈ પણ મજુરોને ઈજારાદારે કામ પર લેવા નહી.

૧૧. કોઈપણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલ ઝાડનાં ફળને કોઈપણ નુકશાન થશે તો તેની જે તે સંસ્થાની કે યુનિવર્સિટી ની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૨. ઈજારાદાર શરત નં.૧ માં જણાવેલ પ્લોટ સિવાયના કોઈપણ પ્લોટમાંથી કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહી. આ શરતો ભંગ થયેથી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૧૩. કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારાદાર વાંધો લઈ શકશે નહી.

મંજુર

૧૪. ફળો ફાર્મની બહાર લઈ જવા માટે જે ઝાડોના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ ફરજીયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે. જે વિભાગમાં સંશોધન માટેના અખતરાના ઝાડ છે તેઝાડ કે વિભાગના ફળો સંસ્થાના

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

કર્મચારીની હાજરીમાં ઉતારવાના રહેશે અને જો તેમ નહી કરવામાં આવશે તો નુકશાની પેટે અનામત માંથી વસુલ કરવામાં આવશે.

૧૫. માલ ઉતારવાનો સમય સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ અને બપોરના ૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાયનાં તથા રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો જેતે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૬. જુદી જુદી જાતોના કરવામાં આવેલ સંકરણ ફળો તેમજ પ્રયોગો અને જુદી જુદી જાતોના ફળોની લેબોરેટરી ટેસ્ટ, પ્રદર્શન માટેના દરેક જાતોના ઝાડના ૧૦–૧૦ ફળો વિના મુલ્યે ઈજારદારે યુનિવર્સિટીને આપવાના રહેશે. દરેક ફળનું વજન અને સંખ્યા નોંધાવવી પડશે.

૧૭. આ અંગેની કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારાદારે માન્ય રાખવો પડશે.

૧૮. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૧૯. આંબાના પરિપકવ ફળો બેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપકવ ફળો તોડતા જોવામાં આવશે તો ફળો ઉતારવાનું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, તરફથી અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવીને કે લાંબા વાસથી ઝુડીને કે બીજા અન્ય અયોગ્ય પધ્ધતિથી ફળો ઉતારવા દેવામાં આવશે નહી.

૨૦. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી ઈજારાદારની રહેશે.

૨૧. જે ઝાડો ઉપર સંકરણના પ્રયોગ કરવામાં આવે છે તેમજ કલમો બાંધવામાં આવે છે તેને નુકશાન ન થાય કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. જો તે નુકશાન થયેલ જણાશે તો ડીપોઝીટની રકમ શરત નં. ૪ (અ) માંથી વસુલાત કરવામાં આવશે.

૨૨. સંસ્થા કે ફાર્મ જે ઝાડ પસંદ કરે તેના ઉપર કલમો બાંધવા દેવાની રહેશે. જેમાં ઈજારદાર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહી. અને જેનું વળતર પણ આપવામાં આવશે નહી. આવું વળતર મેળવવા ઈજારદાર હકદાર પણ નથી.

૨૩. ઈજારો રાખનારે કચેરી નકકી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે અને તે મુજબનું લખાણ રૂા. ૧૦૦/– ના નોન જયુડીસીયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા. ૧૦૦/– ના નોન જયુડીસીયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૪. સંજોગોવશાત જો ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીનાં સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર ચાલશે નહી.

૨૫. સજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણુંક કરેલ કમિટીનો નિર્ણય આખરી રહેશે.

૨૬. કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીના કોઈપણ ફાર્મની પરિસરમાં કેરી પકવવા માટે કેલ્શીયમ કાર્બાઈડનો તથા તેના જેવા રાસાયણિક પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહિ.

૨૭. હરાજીના સમયે આવેલ ટેન્ડર ધ્વારા આવેલ ભાવ અંદાજીત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૨૮. ઈજારદારે અનામતના રકમ સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૨૯. જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

૩૦. જો ઈજારદાર કાચી અથવા પાકી કેરીનું વેચાણ ફાર્મ સિવાય કેમ્પસ પરિસરમાં કરવી હોય તો તે માટે અલગથી રૂા.૧૫૦૦૦ ડીડી/રોકડથી કાર્યપાલક ઈજનેર, ન.કૃ.યુ., નવસારીની કચેરી ખાતે ભરવાના રહેશે.

૩૧. ઈજારદારે જેતે પ્લોટમાંથી ઉતારવામાં આવેલ કેરીનું અલગ અલગ વજન કરી ફાર્મ પરના અધિકારીને નોધાવવાનો રહશે.

૩૨. નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારીના કરણે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદાર પોતે અથવા વધુમાં વધુ એક વ્યકિતએ આવવાનું રહેશે

૩૩. નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારીના કરણે ઈજારદારે આંબાફાલ ઉતારવાના સમયે સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

૩૪. ઈજારદાર રાખનારે તેમના જે મજુરો જેતે ફાર્મ ખાતે આવવાના હોય તેમનો આધાર કાર્ડનો ઝેરોક્ષ નકલ જેતે ફાર્મ ખાતે ફરજયાત પણે આપવી.

મંજુર

22-04-2021

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી

સ્થળઃ–નવસારી

તા. ૨૦–૪–૨૦૨૧

પ્રાધ્યાપક અને વડા
સસ્ય વિજ્ઞાન વિભાગ
ન.મ.કૃષિ મહાવિદ્યાલય
ન.કૃ.યુ.,નવસારી